છોટાઉદેપુર ખાતે આઠ જિલ્લાનાં કૃષિ મહોત્સવને ખુલ્લો મુકતા મુખ્યમંત્રી

મધ્ય ગુજરાતની પ્રથમ મુલાકાત પ્રસંગે મહિલાશક્તિને ઘર શૌચાલય નિર્માણનું અભિયાન ઉપાડવા હાંકલ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજયના ભૂમાફિયાઓને અસંદિગ્ધ ચેતવણી આપતા જણાવ્યું હતું કે, ગરીબ વિધવા મહિલાઓ, નિરક્ષર કિસાનો અને દરિદ્ર સિમાંત ખેડૂતોની જમીનો ખોટા

દસ્તાવેજ બનાવીને હડપ કરી જનાર ભૂમાફિયાઓને સરકાર હરગીઝ બક્ષશે નહીં.

તેમણે જણાવ્યું હતું કે, રાજય સરકારે અદ્યતન ટેકનોલોજીના વિનિયોગ થકી ખેડૂતોના જમીની દસ્તાવેજોને કોમ્પ્યુટરાઇઝડ કરીને તેમને જમીન માફિયાઓના છળકપટથી બચાવી લેવા નકકર કદમ ઉઠાવ્યા છે, ત્યારે જે ખેડૂતે આવા કોમ્પ્યુટરાઇઝડ દસ્તાવેજ હજુસુધી ન કરાવ્યા હોય તેમને ઝડપથી આ યોજનાનો લાભ લઇ પોતાની જમીન સુરક્ષિત કરી લેવાની તેમણે અપીલ કરી હતી.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે નવનિર્મિત છોટાઉદેપુર જિલ્લા ખાતે મધ્યગુજરાતના આઠ જિલ્લાઓના મેગા કૃષિ મહોત્સવ-૨૦૧૪ને ખુલ્લો મૂકયો હતો. આ અગાઉ તેમણે પશુ આરોગ્ય મેળાનું ઉદ્‌ઘાટન કરી મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં પશુઓના આરોગ્ય અને લેવામાં આવતી કાળજી અંગે સૂક્ષ્મ માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીપદે આરૂઢ થયા બાદ સૌ પ્રથમવાર મધ્ય ગુજરાતની મુલાકાતે આવેલા શ્રીમતી આનંદીબેન પટેલે કૃષિ પ્રદર્શનનું પણ નિરીક્ષણ કર્યું હતું.

તેમણે જણાવ્યું કે, એક દાયકા પૂર્વે કૃષિક્ષેત્રની પરિસ્થિતિ દયનીય હતી. જળસંપત્તિના વ્યવસ્થાપનનો અભાવ, અદ્યતન કૃષિ સંશોધનો તથા જરી પુરાણી ખેતી પધ્ધતિના કારણે કિસાનોની હાલત બદતર હતી. જેમાંથી કિસાનોને સમૃધ્ધિના માર્ગે દોરવા તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સને ૨૦૦૫થી પ્રતિવર્ષ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવી રાજયના કૃષિક્ષેત્રને વિકાસના નૂતન આયામો બક્ષ્યા છે.

તેમણે જણાવ્યું કે, ગુજરાતની મહિલા શકિતના હાથમાં નવા અધિકારો સોંપીને ગુજરાત સરકારે ગુજરાતના વિકાસમાં મહિલાઓના યોગદાનના મહાત્મ્યને સ્વીકાર્યું છે, તેમજ ગુજરાતની જળસંપતિનો સમુચિત ઉપયોગ કરવા ૨૧ નદીઓને જોડવાનો, કેનાલોના વ્યાપક નેટવર્ક અને પાણીના સુયોગ્ય વ્યવસ્થાપન થકી ગુજરાત સરકારે જળક્રાંતિના ક્ષેત્રે ક્રાંતિકારી પગલાં ભર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ એવી આશા વ્યકત કરી હતી કે, નર્મદા ડેમના દરવાજાના સ્થાપન દ્વારા જળક્રાંતિ લાવવાના ગુજરાત સરકારના લાંબાગાળાના પ્રયાસોને ટૂંક સમયમાં જ સફળતા મળશે કારણ કે, આ ભારતના વડાપ્રધાનપદે આરૂઢ થયેલા ગુજરાતના સપુત શ્રી નરેન્દ્રભાઇ મોદી દરવાજા મૂકવાની દિશામાં ત્વરિત પરવાનગી આપશે, એવો વિશ્વાસ છે. જળશકિત, કિસાનશકિત અને મહિલાશકિતના વિધેયાત્મક વિનિયોગ થકી ગુજરાતનો વિકાસ આવતા દિવસમાં સમુત્ક્રાંતિના નૂતન શિખરો સર કરશે.

શ્રીમતી આનંદીબેને જણાવ્યું કે, અદ્યતન પશુ આરોગ્ય શિબિરોના આયોજનો થકી અબોલ પશુઓમાં પ્રસરતા અનેક પ્રકારના પ્રછન્ન રોગોનું નિદાન-ચિકિત્સા કરીને ગુજરાત સરકારે પશુઓના આરોગ્યની કાળજી લઇ પશુપાલનક્ષેત્રના વિકાસની દિશામાં સરાહનીય કામગીરી કરી છે, જેના પગલે દૂધ ઉત્પાદનક્ષેત્રે રાજયએ અદ્‌ભુત પ્રગતિ સાધી છે. પશુ

સંવર્ધન અને પશુ ઓલાદ સુધારણા પ્રત્યે આદિજાતિ પશુપાલકોને જાગૃત કરવા શ્રૃંખલાબંધ શિબિરો સરકારે આયોજિત કર્યા છે.

શ્રીમતી આનંદીબેને જણાવ્યું કે, રાજયના જે ગામમાં એકપણ દૂધ મંડળી ન હોય તેવા ગામમાં માત્ર મહિલાઓની દૂધ ઉત્પાદન મંડળીની રચના કરવા સરકારે પશુપાલન વિભાગને નિર્દેશો આપ્યા છે, જેથી મહિલાઓ પણ પશુપાલન ક્ષેત્રે સ્વનિર્ભર બની પરિવાર સમાજના વિકાસમાં સહયોગી બની રહેશે. સરકારે રાજયના સાત તાલુકાઓની આંગણવાડીઓમાં દૂધ સંજીવની યોજનાના અમલીકરણ થકી સુદૃઢ બાળકોના ઘડતર માટે પગલાં ભર્યા છે અને આ વર્ષે ૧૪ તાલુકાઓમાં આ યોજના કાર્યાન્વિત કરવામાં આવશે.

તેમણે વાડી યોજનાને પુનઃ જીવિત કરવાની જાહેરાત કરતાં જણાવ્યું કે, આ યોજના હેઠળ ૪૦ હજાર આદિવાસી માનવીઓને ફળ-ઝાડનાં રોપા આપવામાં આવશે. કૃષિ, પશુપાલન તથા બાગાયત યોજનાઓનો સમન્વય કરીને અકિંચન ખેડૂતોના જીવનમાં ખુશહાલી લાવવા સરકારે નિર્ણય કર્યો છે.

તેમણે મહિલાઓનું સ્વાસ્થ્ય તથા તેમની ગરિમા જળવાય તે માટે રાજય સરકારની શૌચાલય સહાયનો ઉપયોગ કરીને દરેક ઘરમાં શૌચાલય બનાવવાની પહેલ કરવા મહિલાઓને અનુરોધ કર્યો હતો. અદ્યતન કૃષિ પધ્ધતિ તથા કૃષિના નીતનવા સંશોધનોથી વાકેફ રહેવા કિસાનોને આઇ-કિસાન પોર્ટલનો સમુચિત વિનિયોગ કરવા જણાવ્યું હતું. છોટાઉદેપુર જિલ્લાની ૩૦ હજાર હેકટર જમીન પર ટપક સિંચાઇ યોજના કાર્યાન્વિત કરવાના તંત્રના નિર્ણયની તેમણે સરાહના કરી હતી.

મધ્ય ગુજરાતના વિવિધ કિસાન મંડળો, મહિલા મંડળો, સ્વયંસેવી સંગઠનો, રાજકીય અગ્રણીઓ, સહકારી સંગઠનો તેમજ પ્રજાના તમામ વર્ગના અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ભાવભીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમના હસ્તે કૃષિક્ષેત્રે અદ્યતન સંશોધનો થકી કૃષિક્ષેત્રના વિકાસમાં યોગદાન આપનાર પ્રગતિશીલ કૃષક આણંદના પ્રફુલ્લભાઇ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે ધરતીપુત્રોને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. કૃષિને સ્પર્શતા વિવિધ પુસ્તકોનું પણ મુખ્યમંત્રીશ્રીનાં હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકોના જાહેર સ્થળોએ નિદર્શનો થકી તેનું જ્ઞાન ખેડૂતો સુધી પહોંચે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય અને માર્ગ મકાનમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલી રાજયની વિકાસકૂચને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતએ ગતિશીલ વિકાસને આગળ ધપાવશે. તેમણે વિકાસપુરૂષ નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભારત સરકારનું રાજયના વિકાસમાં

પીઠબળ મળશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો અને મધ્ય ગુજરાતમાં જળ અને કૃષિક્રાંતિ સર્જવા હાકલ કરી હતી. તેમણે વિકાસપુરૂષ નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બનતા ગુજરાતના લોકોની અપેક્ષા સાકાર થઇ હોવાની લાગણી વ્યકત કરી હતી. તેમણે રાજયના તમામ પ્રદેશો અને તમામ જનસમુદાયોને સમતોલ વિકાસનો લાભ આપવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો. કૃષિ મહોત્સવથી સધાયેલા કૃષિ વિકાસને કારણે આજે પંચમહાલ-દાહોદના આદિવાસી ખેડૂતોના શાકભાજી ઉત્પાદનો મુંબઇ-દિલ્હીના બજારોમાં વેચાય છે તેનો ઉલ્લેખ મત્સ્યદ્યોગ રાજય મંત્રી શ્રી બચુભાઇ ખાબડે આ પ્રસંગે કર્યો હતો.

આ પ્રસંગે છોટાઉદેપુરના સાંસદશ્રી રામસિંહ રાઠવાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાને ગુજરાતમાં ખેડૂતોની ચિંતા કરીને કૃષિ મહોત્સવ શરૂ કર્યો હતો. જેના કારણે હરિયાળી ક્રાંતિ થઇ છે. પાવી જેતપુરના ધારાસભ્ય શ્રી જયંતિભાઇ રાઠવાએ પણ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી બાબુભાઇ બોખીરિયા, પાણીપુરવઠા રાજયમંત્રી શ્રી ગોવિંદભાઇ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા રાજયમંત્રી શ્રી છત્રસિંહ મોરી, માર્ગ અને મકાન રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, ગૌસેવા આયોગનાં ચેરમેન શ્રી વલ્લભભાઇ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી સુધાબેન પરમાર, પ્રભારી સચિવશ્રી આર.સી.મીના, અગ્રસચિવ શ્રીમતી જયંતી રવી, સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, પ્રભાતસિંહ ચૌહાણ, ધારાસભ્યશ્રીઓ, કલેકટરશ્રી જેનુ દેવન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિ અરોરા, કૃષિ યુનિવર્સિટિઓના ઉપકુલપતિશ્રીઓ, વૈજ્ઞાનિકો તેમજ ખેડૂત ભાઇ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહયા હતા.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં મોટા હોડીંગ્સ ખતરારૂપ

પ્રગતિ અભિવાદ ગૃપના પ્રમુખ લલીતભાઈ દોષીએ જણાવ્યું હતું કે, ડીસા શહેરમાં બિલ્ડીંગો ઉપર મોટા મોટા હોડીંગ્સ જે લગાવવામાં આવ્યાં છે. તેઓને તાત્કાલીક ધોરણે ઉતરાવી દેવામાં આવે કારણ કે હવે ચોમાસાની સીજન શરૂ થતાં વાવાઝોડા ફુંકાવા લાગ્યા છે અને આ મોટા હોડીંગ્સ ગમે ત્યારે કોઈ મોટી જાનહાની સર્જે એ પહેલા આ હોડીંગ્સ ઉતારી લેવામાં આવે તે ઈચ્છનીય છે.

રાધનપુરની સોસાયટીના ત્રણ મકાનમાંથી પોણા પાંચ લાખની ચોરી

મહેસાણા, તા. ૩

મહેસાણા શહેર સહિત જિલ્લામાં છેલ્લા ઘણા વખતથી મિલકત વિરુદ્ધના વધતા જતા ગંભીર પ્રકારના ગુનાઓથી આમ જનતામાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

મહેસાણા શહેરમાં રાધનપુર રોડ પર આવેલ જુદી જુદી સોસાયટીઓના ત્રણ મકાનોમાં ત્રાટકેલા તસકરો સોના-ચાંદીના દાગીના, રોકડ રમક તેમજ અન્ય ચીજવસ્તુઓ મળી કુલ પોણા પાંચ લાખની મતાની ચોરી કરી ગયા હોવાની ઘટનાઓએ લોકોમાં ભારે દહેશતની લાગણી પ્રસરી છે.

રાધનપુર રોડ પર આવેલ સપન એક્ઝોટીકા સોસાયટીમાં રહેતા ભૂપેન્દ્રભારથી વિષ્ણુભારથી ગોસ્વામી રાત્રીના સમયે પોતાના મકાનને તાળું મારીને બહાર સુઇ ગયા હતા ત્યારે મધરાત બાદ કોઇ તસકરોએ મકાનના પાછળના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશી તિજોરી કબાટમાંથી સોનાચાંદીના દાગીના તેમજ દસ હજારથી રોકડ મત્તા મળી કુલ ચાર લાખની કિંમતની ચોરી કરીને ક્યાં પલાયન થઇ ગયા હતા. જ્યારે આ જ રોડ પર આવેલ સુરમ્ય હોમ્સના એક મકાનમાં તસકરોએ સોના ચાંદીના દાગીના, રોકડ રકમ, મોબાઈલ વગેરે મળી અંદાજે પોણા લાખની મતાની ચોરી કરી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ જાહેર થયેલા ધો-૧૦ એસ.એસ.સી.ના પરીણામમાં સરહદી બનાસકાંઠા જિલ્લાએ ૬૮.૦૬ ટકા પરિણામ મેળવ્યું છે. જિલ્લામાં ૨૦ જેટલી શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ હાંસલ કર્યું છે. જ્યારે ૨૩ શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી પણ નીચું રહ્યું છે.

ભિલોડા તાલુકાની મહેરૂ પ્રાથમીક શાળામાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય ગ્રામિણ વિકાસ મંત્રી ગોપીનાથ મુંડેનું આકાસ્મીક અવસાન થયેલ હોવાના સંદર્ભે બે મીનીટનું મૌન રાખી સદ્‌ગતની આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના ઉપસ્થિત લોકોએ કરી હતી. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ ગુણવંતલાલ ત્રિવેદી, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીલાલ પટેલ, ભિલોડા તાલુકા પંચાયત ભાજપ પ્રમુખ અમરતલાલ બરંડા, ભિલોડા તાલુકા પંચાયત સદસ્ય લક્ષ્મણભાઈ ભગોરા, મહેરૂ ગૃપ ગ્રામ પંચાયત સરપંચ, કારોબારી સભ્યો, ગ્રામજનો, ગ્રામસેવક, ખેડુત લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ મહોત્સવ નિમિત્તે ખેડુત લાભાર્થીઓને કીટોનું વિતરણ કરાયું હતું.

ભિલોડા ચૌધરી પટેલ સમાજ અને વેદ ઈન્ટરનેશનલ સ્કુલ, ગાંધીનગરનું ગૌરવ

ભિલોડા,તા.૩

ભિલોડા ચૌધરી પટેલ સમાજનું ગૌરવ વધારેલ છે.વેદ ઈન્ટરનેશનલ સ્કુલ, સરગાસણ, ગાંધીનગરમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી યશ પટેલએ ભિલોડા ચૌધરી પટેલ સમાજનું ગૌરવ વધારેલ છે. ભિલોડાના મનીષભાઈ હરીભાઈ પટેલનો સુપુત્ર યશ પટેલ, ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહ,ગૃપ બી.વિભાગમાં અભ્યાસ કરતો હતો.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાયેલ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં યશ મનીષભાઈ પટેલએ ૯૮.૦૦ P.R.,ગુજકેટમાં ૧૦૬.૨૫ માર્કસ મેળવી ભિલોડા ચૌધરી પટેલ સમાજ અને વેદ ઈન્ટરનેશનલ સ્કુલ, સરગાસણ, ગાંધીનગરનું ગૌરવ વધારતા અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાંતિજ પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે ઘરફોડ ચોર ઝડપી પાડયો

પ્રાંતિજ, તા.૩

પ્રાંતિજ નગરમાં છેલ્લા પંદર દિવસથી ઘરફોડ ચોરીઓના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ

રહ્યો છે. બે દિવસ અગાઉ મધ્યરાત્રિએ નગરની ગ્રીનપાર્ક સોસાયટીના મકાનને નિશાન બનાવી તસ્કરો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન પ્રાંતિજ પોલીસે આજે બાતમીના આધારે રૂ. ૫૮ હજારના મુદ્દામાલ સાથે અમદાવાદના એક ઘરફોડીયાને ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નગરમાં એક પછી એક ચોરીના બનાવો બનતા પોલીસ હેરાન પરેશાન થઈ ગઈ હતી. બે દિવસ અગાઉ પ્રાંતિજના કોઠારીની ખડકીમાં રહેતા મુકેશભાઈ મોદીના મકાનમાંથી તસ્કરો રાત્રિના સમય દરમિયાન રૂ. ૫૮૫૦૦ની કિંમતના સોના ચાંદીના દાગીના ના મુદ્દામાલની ચોરી કરી ગયા હતા. જે અંગે ફરિયાદ આપતા પ્રાંતિજ પોલીસે ઘરફોડ ચોરોની તપાસ હાથ ધરી હતી.

દરમિયાન પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલને બાતમી મળતા તેમની ટીમ સાથે રાખીને ઘરફોડ ચોરી કરનાર સુલેમાન ઉર્ફે મુન્નો યુસુફખાન પઠાણ (રહે. શાહપુર રંગીલાગેટ અમદાવાદ)ને બાઈક નં. જીજે-૧ એ.સી. ૯૯૨૪ સાથે ઝડપી પાડયો હતો અને તેની પાસેથી રૂ. ૫૮ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી તેની અટકાયત કરી હતી. પ્રાંતિજ પોલીસે આરોપીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા આથી પોલીસે આરોપીની વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radlite TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન